# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ
## પરિપત્ર

વંચાણે લીધો : (૧) આ કચેરીનો પરિપત્ર નં. આકૃયુ / પીએસવીસી / ૬૧ / ૨૦૧૫ તા. ૧૯.૦૩.૨૦૧૫

આથી સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, શિક્ષણ સંવર્ગના અધિકારીશ્રીઓને રાજયમાં તેમજ રાજયની બહાર આઈ.સી.એ.આર / એ.એસ.આર.બી. / યુ.પી.એસ.સી. / જી.પી.એસ.સી. / તથા અન્ય ઈન્સ્ટીટયુટ / અન્ય યુનિવર્સિટીમાં મીટીગ / એકેડેમીકની કામગીરી માટે જવાનું થાય છે, તેવા કિસ્સામાં યુનિવર્સિટીના સ્ટેચ્યુટ એસ–૧૨૧ની આઈટમ નં. (૩૦) મુજબ વર્ષ દરમ્યાન ૧૫ દિવસ સુધીની રજા / મંજુરી માટેની જોગવાઈ થયેલ છે. જે અન્વયે તા. ૦૧/૦૪/૨૦૧૫થી આ પ્રકારની કામગીરી માટેનો પ્રવાસ કાર્યક્રમ રજુ કરવામાં આવે ત્યારે જે તે અધિકારીશ્રીઓએ વર્ષ દરમ્યાન ઉપરોક્ત સ્ટેચ્યુટ અંતર્ગત કેટલા દિવસનો કુલ પ્રવાસ કરેલ છે તેની વિગતો પ્રવાસ કાર્યક્રમના પત્રકમાં રીમાર્કસ તરીકે રજૂ કરવા અંગે ઉક્ત વંચાણે લીધેલ પરિપત્ર કરવામાં આવેલ હતો પરંતુ, ઘણા કેસમાં ઓનલાઈન ટુર પ્રોગ્રામમાં તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. જેથી સર્વેને ફરીથી પરિપત્રિત કરવામાં આવે છે કે આ સબબે ઓનલાઈન ટુર પ્રોગ્રામ રજુ કરતી વખતે ભૂતકાળમાં કેટલા દિવસ આવી કામગીરી માટે મંજુરી/ રજા લીધેલ છે તેની વિગતો જણાવવાની રહેશે.જેમાં પ્રવાસના દિવસોનો સમાવેશ કરવો નહિ જેની નોંધ લેવી.

આથી સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ બાબતે જરૂરી તકેદારી આપની કક્ષાએ લેવાની રહેશે. સબંધિત કર્મચારીઓ/ અધિકારીશ્રીઓએ અમલવારી કરવાની રહેશે.

સદર પરીપત્ર માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી જારી કરવામાં આવે છે.

કુલપતિશ્રીના રહસ્ય સચિવ

નં. આકૃયુ / પીએસવીસી /૩૨૮/૨૦૧૫
તા. ૦૩/૦૭/૨૦૧૫

નકલ જયભારત સહ રવાના જાણ તથા અમલ થવા સારૂ.

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારૂ.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ સારૂ.

નકલ રવાના :

૧. નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ – વેબસાઈટ પર પરિપત્ર મુકવા બાબત.